દિવ્ય ભાસ્કર

20

— સાલ —

બેમિસાલ

વાચક ઉત્સવ

સાચી વાત, બેધડક

# 20 વર્ષથી થતાં બેધડક પત્રકારત્વનાં આ 36 પાનાં

# વાચકોને સમર્પિત



# દિવ્ય ભાસ્કર

( 2003 - 2023 સુધીની સફર )



# વાચકોને સમર્પિત

*‘અમે ગુજરાતમાં અખબાર આપવા નહીં, ગુજરાતનું અખબાર બનવા માટે આવ્યા છીએ. ગુજરાતનો અવાજ બનવા આવ્યા છીએ. ભાસ્કરના ખરા માલિક અમારા વાચકો છે અને હંમેશા રહેશે.’*

**2003ના** 22 જૂનના દિવસે દિવ્ય ભાસ્કરના ઉદ્‌ઘાટન સમારોહમાં રમેશજી દ્વારા કહેવામાં આવેલા શબ્દો દિવ્ય ભાસ્કરના પ્રત્યેક પત્રકાર માટે ખરા અર્થમાં બનાવવામાં આવેલી ગાઈડલાઈન છે. છેલ્લા 20 વર્ષથી તેના પર અમલ થઈ રહ્યો છે અને હવે પછી પણ થતો રહેશે. પહેલા દિવસથી વાચકોએ જે ભરોસો દિવ્ય ભાસ્કર પર કર્યો હતો એ ભરોસાને જાળવી રાખવા માટે છેલ્લા 20 વર્ષથી ભાસ્કરના પત્રકાર પ્રમાણિકતાથી પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતે દિવ્ય ભાસ્કરના પેજ પર રાજ્યમાં થયેલા આતંકવાદી હુમલાની પીડા પણ નિહાળી છે અને ગુસ્સો પણ. જગન્નાથ રથયાત્રા, જન્માષ્ટમી, નવરાત્રિ જેવા તહેવારોના ઉત્સાહ અને આનંદને પણ જોયો છે. કોરોનાકાળમાં જનતાના અવાજનો પડઘો પણ અખબારમાં પડતા જોયો છે અને જરૂર પડે કઠેડામાં ઉભી કરાયેલી સરકારને પણ જોઈ છે. ‘સાચાને સાચું અને ખોટાને ખોટું’ કહેવામાં ભાસ્કરે ક્યારેય ચૂક કરી નથી અને ચૂક કરશે પણ નહીં, ભલે એના માટે કોઈપણ કિંમત ચૂકવવી પડે. ભાસ્કરની હેડલાઈન ભલે પત્રકાર લખતા હોય પણ તેના શબ્દોમાં વાચકોની લાગણી પડઘાતી હોય છે. વાચકોના ભરોસાથી જ ભાસ્કરના સમાચારોમાં આક્રમકતા આવે છે. હોળી, દિવાળી, ઉત્તરાયણ જેવા તહેવારોમાં ભાસ્કરના પ્રયોગ વાચકોના આનંદમાં સહભાગી થવાના પ્રયાસોનું જ પરિણામ છે.

દિવ્ય ભાસ્કરને ગુજરાતમાં 20 વર્ષ પૂર્ણ થયા છે. આ 20 વર્ષમાં દિવ્ય ભાસ્કરે જે બેધડક પત્રકારત્વ કર્યું છે એના જ કેટલાક ઉદાહરણોને 40 પેજમાં સમાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. માત્ર આ 40 પેજ નહીં પણ 20 વર્ષની ભાસ્કરનું સમગ્ર પત્રકારત્વ વાચકોને સમર્પિત છે, તેમના વિશ્વાસને સમર્પિત છે, એમના ભરોસાને સમર્પિત છે.

**▪ દેવેન્દ્ર ભટનાગર**
સ્ટેટ એડિટર, ગુજરાત

## 1

આવી દેખાડાની જાહેરાતોની વિરુદ્ધ ભાસ્કર

જાહેરાતો કરીને સરકાર ભૂલી શકે છે, જાહેરાતો સાંભળીને પ્રજા નથી ભૂલતી

20 દિવસમાં 5 જાહેરાતો, જે બીજીવાર કરાઇ...

**રિપીટ..રિપીટ..રિપીટ..રિપીટ..રિપીટ**

2020ની 10 સપ્ટેમ્બરે તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ 5 ઘોષણા કરી હતી. હકીકત એ હતી કે આ પાંચેય જાહેરાત તેઓ અગાઉ કરી ચૂક્યા હતા. આ હેડલાઇન ત્યારે લખાઈ હતી.

## 2

દિવ્ય ભાસ્કર વિશેષ

**મુCASH-અNIL**

એક તબક્કે અનિલ અંબાણીની નેટવર્થ મુકેશ કરતા વધારે હતી પણ આજે સ્થિતિ વિપરીત છે. વાંચો બન્ને ભાઈઓના બિઝનેસ એડવેન્ચરની કહાની...

મુકેશ એશિયાના સૌથી ધનિક બન્યા જ્યારે અનિલ કંગાળ થવા આવ્યા ત્યારની હેડલાઈન, જેમાં 'કેશ' એટલે કે સંપત્તિ અને 'નિલ' એટલે કે નિર્ધનતા દર્શાવાઈ હતી.

## 3

હાઇકોર્ટે કાયદા અને શિક્ષણમંત્રી ચુડાસમાની ધોળકા બેઠકની ચૂંટણી રદ ઠેરવી

**'ગેર'કાયદે! શિક્ષણમંત્રી**

તત્કાલીન શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર ચુડાસમા હતા. હાઈકોર્ટે તેમની ચૂંટણીને ગેરકાયદે જાહેર કરીને રદ કરી દીધી હતી. એટલે કે શિક્ષણમંત્રીનું ધારાસભ્ય પદ ગેરકાયદે થઈ ગયું હતું.

## 4

**દિશાહીનબાગ**

યુવકનું FB લાઇવ- શાહીનબાગ ખેલ ખતમ... બદલા લેને જા રહા હૂં

દિલ્હીના શાહીનબાગમાં નેતાવિહિન આંદોલન ચાલી રહ્યું હતું, આંદોલનનો કોઈ ઉદ્દેશ પણ નહોતો તેથી આ હેડલાઈન લખાઈ હતી.

## 5

ઘરને મંદિર માનો... ઘરમાં જ રહો...

**હોમ નમ: શિવાય**

ગુજરાતમાં 30 પોઝિટિવ

તહેવારો અગાઉ કોરોનાના કેસ વધી રહ્યા હતા ત્યારે ઘર(હોમ)ને મંદિર માની ઘરમાં રહેવાની અપીલ કરતી હેડલાઈન.

## 6

3મે સુધી લૉકડાઉન, તમારો વિસ્તાર હોટસ્પોટ નહીં બને તો જ 20મી પછી છૂટછાટ

**MAY 3 અગ્નિપરીક્ષા**

- હવેના લૉકડાઉન મુદ્દે આજે વિસ્તૃત દિશાનિર્દેશ જારી કરાશે
- 20મી એપ્રિલ સુધી પહેલાં કરતા પણ વધુ કડકાઈ રખાશે
- દેશ લૉકડાઉનની આર્થિક કિંમત ચૂકવતો હોવાની PMની કબૂલાત

3 મેથી શરૂ થઈ રહેલું લૉકડાઉન ગુજરાતીઓ માટે વધુ એક અગ્નિપરીક્ષા હતી. ત્યારે અગ્નિપરીક્ષાના 'અ'ને 3 મે સાથે જોડી હેડલાઈનમાં આ પ્રયોગ કરાયો હતો.

## 7

**સરકાર** (ઊંધું છાપેલું)

2 દિવસમાં 2 નિર્ણય ઊલટાવ્યા

તત્કાલિન રૂપાણી સરકારે બે દિવસમાં બે નિર્ણય બદલ્યા ત્યારે 'સરકાર' શબ્દ ઊંધો કરી દેવાયો હતો.

## 8

તારક મહેતાનું 88 વર્ષે નિધન | **ઊંધા ચશ્માં ઉતરી ગયાં...**

વહેલી સવારે શ્વાસની તકલીફ થયા બાદ નિધન, દેહનું દાન કરાયું

પ્રિન્ટ સિરિયલ 46 વર્ષ ચાલી અને ટીવી પર 8 વર્ષ થઈ ગયાં

ટીવીના 'તારક મહેતા' શૈલેશ લોઢાએ દિવ્ય ભાસ્કરના વાચકો માટે લખ્યું... કાગળ પર જે કંઈ લખ્યું, હાસ્ય બની ગયું

મૂળ પાત્રો કેવી રીતે ટીવી પર આવ્યાં કાગળનાં કેરેક્ટર્ની સ્ક્રીનનાં પાત્રો સાથે તુલના

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જેના પરથી સર્જાઈ એ 'દુનિયાને ઊંધા ચશ્મા'ના લેખક તારક મહેતાનું નિધન થયું ત્યારે તેમને શ્રદ્ધાંજલિ આપતી આ રસપ્રદ હેડલાઈન.

## 9

ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત વિધાનસભામાં ગાળાગાળી, મારામારી

**હે રામ! આવા ધારાઅસભ્ય**

બેશરમ ધારાસભ્યોના સૌજન્યથી આ લાઇવ ઘટના...

ગૃહમાં ગેંગવૉર જેવાં દૃશ્યો



ભાસ્કર વિચાર

આ પ્રયોગ એટલા માટે | મારામારીની તસવીરના સ્થાને ગાંધીજીની સ્મિત વેરતી તસવીર, જેથી ધારાસભ્યો શરમ અનુભવે

વિધાનસભામાં ધારાસભ્યોએ હોબાળો મચાવ્યો હતો. ગેંગવૉર જેવા મારપીટના દૃશ્યો સર્જાયા હતા. ત્યારે ગાંધીજીના ફોટોનો ઉપયોગ કરીને આ હેડલાઈન લખાઈ હતી.

## 10

રાજ્યસભામાં ત્રણ તલાક બિલ પાસ | બિલના પક્ષમાં 99 અને વિરોધમાં 84 વોટ પડ્યા

~~તલાક~~ ........ ~~તલાક~~ ........ ~~તલાક~~ ........

**મુબારક...મુબારક...મુબારક...**

સરકારે ત્રણ તલાકની કુપ્રથા બંધ કરી ત્યારે આ હેડલાઈન લખાઈ હતી, જેમાં 'તલાક તલાક તલાક' શબ્દો પર ચોકડી મારીને 'મુબારક મુબારક મુબારક' લખવામાં આવ્યું હતું.

11


પ્રચાર પડઘમ શાંત: ગુજરાતમાં પહેલીવાર ચૂંટણીમાં મંદિર દર્શનની આવી હોડ

**દર્શન સમાપ્ત, પ્રસાદી 18મીએ**

માતૃ ભક્તિ: મોદી 16 દિવસમાં મા આશાપુરાથી શરૂ કરી મા અંબાજી સુધી 42,200 KM ફર્યા

કૃષ્ણ ભક્તિ: રાહુલ 25 દિવસમાં દ્વારકાધીશથી શરૂ કરી જગન્નાથ સુધી 32,300 KM ફર્યા

2017ની ચૂંટણીમાં 'મંદિરો' મહત્વનું પરિબળ હતું. એટલે પ્રચાર પૂર્ણાહુતિ અને પરિણામની તારીખને સાંકળી આ હેડલાઈન.

12


અયોધ્યામાં 2002 પછી સૌથી વધુ સુરક્ષાદળ, આજે ઉદ્ધવ ઠાકરે પહોંચશે, કાલે સંઘની ધર્મસભા

**રામ..રામ..મરા..મરા..રામ..રામ**

2018ના નવેમ્બરમાં અયોધ્યામાં ધર્મસભામાં શિવસૈનિકો સહિત હજારો લોકો ઉમટ્યા હતા ત્યારે લખાયેલી હેડલાઈન .

13


મહારાષ્ટ્રમાં જન્મેલા, નવસારીના સાંસદ સી.આર.પાટીલ ભાજપના પ્રદેશ પ્રમુખ

**પાટીલ હવે ભાજપના પટેલ**

ત્રણ વખતથી નવસારીથી સાંસદ, સૌથી વધુ મતે જીતવામાં ત્રીજા ક્રમે | કાશીરામ રાણા પછી 24 વર્ષે દક્ષિણ ગુજરાતમાંથી પ્રદેશ અધ્યક્ષ નિમાયા | 14 વર્ષ પછી ભાજપમાં સત્તા અથવા સંગઠન બન્નેનું સુકાન પાટીદારને નહીં

24 વર્ષ પછી સૌરાષ્ટ્ર બહારના નેતા ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ પદે

હવે ગુજરાતમાં જાતિગત પરિબળોને અવગણીને નેતા નક્કી કરવાનો નવો પ્રયોગ

જ્ઞાતિવાદનો છેદ ઉડાડવાના ભાજપના આ પ્રયાસમાં પાટીદારો નારાજ થવાની સંભાવના

નવસારીના સાંસદ સીઆર પાટીલને ગુજરાત ભાજપના અધ્યક્ષ બનાવાયા ત્યારે આ હેડલાઈન લખવામાં આવી હતી.

14


દિવ્ય ભાસ્કર — તમારી મરજીનું અખબાર

ગુજરાતમાં 1565 કેસ, 6 મોત, અમદાવાદમાં 400 કેસ | રાજ્યમાં 10 દિવસમાં 10 હજાર કેસ, 5 હજાર અમદાવાદ-સુરતમાં જ

સપ્ટેમ્બર કરતાં વધુ ખતરનાક લહેર, છતાં CM કહે છે કોરોના ફેલાવામાં ચૂંટણીનો વાંક નથી...

**! ભ્રમજીવી સરકાર**

1500 નહીં, 15 હજાર કેસ આવે તોપણ લોકડાઉન નહીં

મહારાષ્ટ્રમાં 1 વ્યક્તિ 5ને અને ગુજરાતમાં 3ને સંક્રમિત કરે છે

કોરોના ફેલાવવામાં ચૂંટણીની કોઈ ભૂમિકા નથી એવું કહીને સરકારે ભ્રમ ફેલાવવા પ્રયાસ કર્યો હતો, ત્યારની હેડલાઈન.

15


**CoRona પાટીલ**

હજારો લોકો સાથે રેલીઓ યોજનારા ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સહિત 130 નેતાઓ કોરોના પોઝિટિવ

છેલ્લા સપ્તાહમાં પાટીલ 10 હજારથી વધુને મળ્યા

રૂપાણીએ કહ્યું, કોરોનામાં ગુજરાત રોલ મોડલ

કોરોના વખતે પાટીલ માસ્ક વગર ઠેરઠેર પ્રચાર કરી રહ્યા હતા. બાદમાં તેમને પણ કોરોના થયો હતો, એ વખતની નિર્ભિક હેડલાઈન

16


અશોક ગેહલોતના ડરથી BJPના 18 MLAને ખાસ વિમાનમાં પોરબંદર મોકલાયા

**કુછ દિન તો છુપા લો ગુજરાત મેં...**

રાજસ્થાન ભાજપે પોતાના ધારાસભ્યોને પલટી જતા રોકવા ગુજરાત ખસેડ્યા હતા એ સમયની હેડલાઈન

કોરોનામાં સરકારે જનતાના કાર્યક્રમો બંધ કરાવ્યા હતા પણ ચૂંટણી જાહેર કરાઈ હતી. ત્યારે આ હેડલાઈન લખાઈ

17


**ભાજપના હાથમાંથી ઝારખંડ પણ ગયું, 1 વર્ષમાં 5 રાજ્યોમાં સત્તા ગઇ**

2014માં મોદી આવ્યા ત્યારે ભાજપ માત્ર 7 રાજ્યોમાં હતું, 3 વર્ષમાં 19 રાજ્યોમાં સત્તા મેળવી, 72 ટકા વસતી ભાજપ શાસિત હતી, હવે 16 રાજ્ય એટલે કે માત્ર 42 ટકા વસતી પર જ ભાજપનું રાજ



મોટા રાજ્યોમાંથી હવે માત્ર 4 એનડીએ પાસે

રઘુવર રિજેક્ટ... સીએમ રઘુવરદાસ બળવાખોર સરયુ રાય સામે હાર્યા, ભાજપને 33.37% મત પણ 25 બેઠક, JMMને 18.74% મતથી 30 બેઠક

સતત જીતતા ભાજપની 5 રાજ્યોમાં હાર થઈ હતી ત્યારે આ હેડલાઈન અપાઈ : કોઈ લૌટા દે મેરે જીતે હુએ દિન...

18


પેટા ચૂંટણી | ગુજરાતની 8 બેઠકો પર 3 નવેમ્બરે વોટિંગ, 10મીએ પરિણામ

**પ્રજાના ઉત્સવ બંધ; નેતાઓના શરૂ**

વોટ આપનારી પ્રજા જ પૂછે છે

અમે ગરબા રમીએ તો સંક્રમણ ફેલાય છે તો શું નેતાઓના પ્રચારથી કોરોના ઘટી જશે? કેમ કે નવરાત્રિ દરમિયાન જ ચૂંટણી પ્રચાર શરૂ થશે

રાજ્યસભામાં પક્ષપલટુઓની 8 બેઠકો પર ચૂંટણી થશે

12 રાજ્યોમાં 56 વિધાનસભા, 1 લોકસભાની બેઠક માટે ચૂંટણી

આ વખતે મતદાન માટે 1 કલાકનો વધુ સમય મળશે

19


અયોધ્યા પર મુખ્ય પક્ષકાર અન્સારીને ચુકાદો મંજૂર પણ લૉ બોર્ડને મંજૂર નહીં

**બેગાની શાદી મેં મુસ્લિમ લૉ બોર્ડ દીવાના**

મંદિર અને મસ્જિદ બંનેના મુખ્ય પક્ષકારોને ચુકાદો મંજૂર પણ અન્ય પક્ષો ફાચર મારે છે | લૉ બોર્ડ- જમિયતે કહ્યું- બાબરી મસ્જિદની જ જમીન જોઈએ, બીજી કોઈ જગ્યાએ નહીં | મુખ્ય પક્ષકાર અન્સારીએ કહ્યું- પુનઃવિચાર અરજી બેકાર, મંદિર-મસ્જિદ વિવાદ પૂરો થાય

મુસ્લિમ પક્ષના તર્ક, અરજી દાખલ કરવા દર્શાવ્યો આધાર

નિર્મોહી અખાડા પુનઃવિચાર અરજી દાખલ કરશે નહીં

ચુકાદો આપનારી બેન્ચના જસ્ટિસ નઝીરને ઝેડ સુરક્ષા

રામમંદિર મુદ્દે કોર્ટના નિર્ણયને મુસ્લિમ પક્ષકારે સ્વીકાર્યો પણ મુસ્લિમ લૉ બોર્ડે સ્વીકાર્યો નહોતો, એ વાતની રજૂઆત.

20


દિવાળી પછી ઑડ-ઈવન પદ્ધતિથી સ્કૂલો ખૂલશે, સંતાનોની જવાબદારી વાલીઓની રહેશે

23મીથી ધો. 9થી 12ની શાળા શરૂ થશે : સરકાર

આ નિર્ણય પણ બદલાશે!

■ કારણ કે.. 4 શહેરના વાલીઓએ કહ્યું, ડેથ સર્ટિફિકેટ લેવા સંતાનોને સ્કૂલે મોકલીશું નહીં

■ રાજ્યમાં 19 દિવસ પછી 1100થી વધુ કેસ, અમદાવાદમાં 207, સુરતમાં 184 પોઝિટિવ કેસ

■ સંક્રમણના ભયથી મુખ્યમંત્રીએ દિવાળી સ્નેહ મિલન મોકૂફ રાખ્યું, ડૉક્ટરોની રજાઓ રદ થઈ

કોરોના પ્રચંડ ગતિએ ફેલાતો હોવા છતાં સરકારે સ્કૂલો શરૂ કરવાની જાહેરાત કરી ત્યારે આ હેડલાઈન લખાઈ હતી. બાદમાં ગુજરાત સરકારને આ નિર્ણય બદલવો પડ્યો હતો.

21


રાજકોટ કોવિડ હોસ્પિટલમાં 5 દર્દી જીવતા ભૂંજાયા

4 મહિનામાં ગુજરાતમાં 8મી ઘટના, 13ના મોત

RIP! સરકાર

અત્યંત આઘાતજનક ઘટના, અને આ કોઈ પહેલી નથી: સુપ્રીમ

4 મહિનામાં જ ગુજરાતની હોસ્પિટલમાં આગની 8મી ઘટના બની ત્યારે આક્રમક વલણ દર્શાવતી હેડલાઈન.

22


તમારી મરજીનું અખબાર

વારાણસીમાં 338 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત કાશી વિશ્વનાથ કૉરિડોરનું લોકાર્પણ

સત્યમ્ શિવમ્ સુન્દરમ્ કાશી

કાશી વિશ્વનાથ કોરિડોરના લોકાર્પણ કાર્યક્રમ વખતે કાશીનું સૌંદર્ય રજૂ કરતી હેડલાઈન.

23


8 જૂનથી દેશમાં ઘણુ બધું ખૂલી રહ્યું છે, સુરક્ષિત રહેવાની

અનલૉક -1; અબ હમારે હવાલે વતન સાથીઓ...

8 જૂનથી શરતોને આધીન હોટેલ, રેસ્ટોરાં શૉપિંગ મોલ્સ અને ધાર્મિક સ્થળો ખૂલશે

1 જૂનથી અન્ય રાજ્યમાં જવા માટે પાસની જરૂર નહીં, હવે રાત્રે 9થી સવારે 5 કર્ફ્યૂ

હવે 3 તબક્કામાં આ રીતે અનલૉક થશે દેશ | કન્ટેઇનમેન્ટ ઝોનમાં આકરા નિયં

કોરોનાની લહેર ઓસર્યા બાદ લૉકડાઉન દૂર કરવામાં આવી રહ્યું હતું. એ વખતે લોકોને સાવધ રહેવાની અપીલ કરતી હેડલાઈન.

24


લોકોને કલાકો સુધી લાઇનમાં ઊભા રહ્યા પછી પણ રેમેડેસિવિર ઇન્જેક્શન નથી મળી રહ્યાં, તો ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની પાસે 5000 ઇન્જેક્શન કેવી રીતે પહોંચ્યાં? સરકાર જવાબ આપે...

98241-27694

...આ નંબર ઇન્જેક્શનના 'સરકાર' સીઆર પાટીલનો છે... હવે પરેશાન પ્રજા પાટીલને ફોન કરે અને ઇન્જેક્શન માંગે

...કારણ કે, સીએમ રૂપાણીએ કહ્યું છે- સી.આર.ને ઇન્જેક્શન ક્યાંથી મળ્યાં, એ એમને જ પૂછો...

હેડલાઈનમાં ભાજપ અધ્યક્ષ પાટીલનો ફોન નંબર. કારણ કે તેમણે મોટાપાયે ઈન્જેક્શનો અંકે કરી લીધા હતા.

25


કોંગ્રેસમુક્ત સ્વરાજ! મનપા પછી હવે જિલ્લા-તાલુકા અને પાલિકામાં ભાજપે ક્લિનસ્વીપ કર્યું

મોદી કરતાં મોટો વિજય

રૂપાણીના નેતૃત્વમાં ભાજપે 61 વર્ષની સૌથી મોટી જીત મેળવી ત્યારની હેડલાઈન .

26


પોલીસ કમિશન₹

રાજકોટમાં ધારાસભ્યએ પોલીસ કમિશનર સામે કમિશન લેતા હોવાનો આક્ષેપ કર્યો ત્યારે આ હેડલાઈન.

27


સરકારે 21 વર્ષની 'મહેનત' પછી આખરે એર ઇન્ડિયાને વેચી દીધી

ટાટા ગુડ BUY

18 હજાર કરોડમાં તાતા ગ્રૂપની થઈ એર ઇન્ડિયા, 89 વર્ષ પછી ઘરવાપસી... હવે તાતા પાસે દેશમાં 3 એરલાઈન્સ

સરકારી એરલાઈન્સ 'એર ઈન્ડિયા' 'તાતા'ને વેચી દેવાનો નિર્ણય કરાયો ત્યારે લખાયેલી હેડલાઈન.

28


ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગના જોઇન્ટ સેક્રેટરી કે. રાજેશને ત્યાં CBI રેડ

ભ્રષ્ટાચાર કે. રાજેશ

બંદૂકના લાઇસન્સ માટે 5 લાખ રૂપિયા લેતા હતા અને લાંચમાં તેલનો ડબ્બો, મસાજ ઓઇલ મગાવતા હતા

ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો બાદ IAS અધિકારી રાજેશને ત્યાં CBIના દરોડા પડ્યા ત્યારની હેડલાઈન

29

બીજા તબક્કાની 93 બેઠકો માટે વોટિંગ આજે

## મતદાર જ મહાદેવ

**આજે એક્ઝિટ પોલ ટ્રેન્ડ જણાવશે, પહેલા તબક્કામાં 66% વોટિંગ થયું, ગુજરાતનો રેકોર્ડ 72% (2012)નો**

અમદાવાદ | રાજ્યમાં બીજા અને આખરી તબક્કા માટે ગુરુવારે વોટિંગ થશે. 14 જિલ્લાની 93 બેઠક માટે 851 ઉમેદવારો મેદાનમાં છે. તેમાં માત્ર 69 મહિલા ઉમેદવારો છે. સોમવારે હિમાચલ પ્રદેશની સાથે ગુજરાતના પરિણામો પણ જાહેર થશે.



**સોમવારે ધ્યાન રાખજો નાથ**

વેરાવળ | ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ બુધવારે પરિવાર સાથે સોમનાથ મહાદેવનાં દર્શને પહોંચ્યા હતા. અહીં તેઓએ મહાદેવને દંડવત્ત પ્રણામ કરી બહુમતીથી વિજયની પ્રાર્થના કરી હતી. ફોટો : રાજેશ ભજગોતર

મતદાનના આગલા દિવસે ભાજપના નેતા અમિત શાહે સોમનાથ મહાદેવને સાષ્ટાંગ દંડવત કર્યા હતા.

30

**આ વાઇરસથી ગાયોના થયેલાં મોતની તસવીર એટલી ભયાનક છે કે અમે છાપી નથી શકતા.. પણ તેની પીડા સમજી શકીએ છીએ...**

એ તસવીરોની જગ્યાએ અમે ગોમાતા પ્રત્યે લાગણીની આ તસવીર છાપી રહ્યા છીએ કે સરકાર અને શાસન ઝડપથી એમના ઉપચાર માટે સગવડો ઊભી કરે



લમ્પી વાઈરસથી મૃત ગાયોની તસવીર છાપવાને બદલે ગૌમાતા પ્રત્યેની લાગણી વ્યક્ત કરતી ફોટો સ્ટોરી

31

**પત્નીના પગમાં ફ્રેક્ચર, પતિ ખભા પર ઊંચકી અમદાવાદથી બાંસવાડા ચાલતો નીકળ્યો**

## આ-ભાર



ના, એ કહેતો નથી કે મને તારો ભાર લાગે છે કારણ કે જે પોતાના હોય. એનો આભાર હોય ભાર ન હોય.

**ના, એ ફરિયાદ કરતો નથી કે મારા પગ દુઃખે છે. કારણ કે હજુ તો એણે 5 કિમી કાપ્યા છે, 257 કિમી બાકી છે.**

એ કોરોના વાઈરસથી દર નથી ભાગી રહ્યો. એને લાગે છે કે એવા રોગ

કોરોનાકાળમાં મોટી સંખ્યામાં લોકો હિજરત કરી રહ્યા હતા ત્યારે પત્નીને ખભે બેસાડીને જઈ રહેલા પતિની તસવીર અને એક શબ્દમાં ઘણું કહી દેતું શિર્ષક.

32

ભાદરવા વદ-અમાસ, વિક્રમ સંવત 2070



**દિલ્હી ઝૂ લાઇવ**
**સંઘર્ષની એ 30 મિનિટ**

'અમે બધા લોકો પ્રાણી સંગ્રહાલયમાં ફરી રહ્યા હતા. ત્યારે મેં જોયું કે એક યુવક સફેદ વાઘ 'વિજય'ના વાડાની અંદર જોઇ રહ્યો હતો. તે આગળની તરફ વારંવાર નમી રહ્યો હતો. વાડાની ઊંચાઇ પણ ઓછી હતી. એટલામાં તે યુવક વાડામાં પડી ગયો. એટલામાં વાઘ યુવક પાસે આવી ચડ્યો. યુવક ચૂપચાપ બેસી રહ્યો. તેણે વાઘની સામે હાથ પણ જોડ્યા. થોડી વાર ઊભા રહ્યાં પછી વાઘે પહેલા પંજો માર્યો બાદ તે દૂર ફેંકાઇ ગયો. પરંતુ ત્યારે જ કોઇએ વાઘને પથ્થર મારી દીધો. તેના કારણે વાઘ ગુસ્સે ભરાયો અને યુવક પર તૂટી પડ્યો. આશરે દસ મિનિટ સુધી ઘસડતો રહ્યો.' થોડી વારમાં યુવકનું મોત નિપજ્યું હતું.

દિલ્હીના પ્રાણીસંગ્રહાલયમાં વાઘના પાંજરામાં પહોંચી ગયેલા મુલાકાતીના 30 મિનિટના સંઘર્ષની તસવીરી ઝલક.

33



'દિવ્ય ભાસ્કર'ના વાચકો માટે ખાસ
શ્રીસ્વામિનારાયણ મંદિર ગાદીસંસ્થાન, મણિનગરે ધનતેરસ નિમિત્તે આ તસવીર ઉપલબ્ધ કરાવી છે

**'ધર્મ તેરસ'ની 75 કરોડની તસવીર**

ધનતેરસ દરમિયાન સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા દર્શાવાયેલા 75 કરોડ રૂપિયાની કિંમતના ઝવેરાતની તસવીર અને હેડલાઈન

34

## સુરતમાં 24 કલાક અગ્નિદાહ, સ્મશાનોની ચીમની પીગળી ગઇ



**શહેરનાં ત્રણેય સ્મશાન ગૃહમાં અંતિમવિધિ માટે લાંબી લાઈનો લાગે છે**

સુરત | સુરતમાં કોરોનાના કેરનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, અહીં અંતિમ સંસ્કાર માટે બનાવાયેલી ચિતાની લોખંડની ગ્રીલ અને ચીમની પણ ગરમીથી પીગળી ગઈ છે. આ કારણે ત્યાં લાગેલી પાઈપલાઈનનું રિપેરિંગ કરવું પડ્યું હતું. અહીં કુલ ત્રણ સ્મશાન ગૃહ છે, જેમાં રામનાથ ઘેલા, અશ્વનીકુમાર અને જહાંગીરપુરાનો સમાવેશ થાય છે. આ ત્રણેય સ્મશાનમાં 24 કલાક મૃતદેહોની અંતિમક્રિયા કરાઈ રહી છે. અહીં છેલ્લા દસેક દિવસથી સરકારી શબવાહિનીઓ તેમજ ખાનગી વાહનોમાં પણ સતત મૃતદેહો લવાઈ રહ્યા છે. સુરતમાં સોમવારે પણ 18 લોકોનાં મોત થયા છે.

કોરોનાકાળમાં એટલા મોત થતા હતા કે સતત અગ્નિસંસ્કારથી સ્મશાનની ચીમની પીગળી ગઈ હતી

35


તમારી મરજીનું અખબાર

અમદાવાદ, ગુરુવાર, 19 ઓગસ્ટ,2021 | ગુજરાત | શ્રાવણ સુદ - 12, વિક્રમ સંવત 2077



નદીના શાંત પાણીમાં શિકારની વાટ જોઈ રહેલા મગરની આંખની આવી તસવીર પહેલીવાર જોવામાં આવી

36



સંસ્કાર અને સન્માનની સૌથી પ્રેરક તસવીર

73 વર્ષના નારાયણ મૂર્તિએ 82 વર્ષના તાતાને એવોર્ડ આપી પગે લાગી આશીર્વાદ લીધા...

બે અમૂલ્ય રતન



જ્યારે નારાયણ મૂર્તિએ તેમના સિનિયર રતન તાતાના ચરણસ્પર્શ કર્યા એ ઘટનાની તસવીર.

37



ચાનુએ વેઈટ લિફ્ટિંગમાં સિલ્વર મેડલ જીત્યો

...આ વેઇટ લિફ્ટિંગના 125 વર્ષના ઇતિહાસમાં ભારતનો પ્રથમ સિલ્વર મેડલ

હું પાંચ વર્ષથી આ સપનું જોઈ રહી હતી. આ ક્ષણ માટે મારા પરિવારે ખાસ કરીને મારી માતાએ બહુ ત્યાગ કર્યો છે. તેનો આભાર

- મેડલ જીત્યા પછી

# મીરા ભારત મહાન

આ ઓલિમ્પિક મેડલ એક એથ્લીટના કમબેકનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ, ચાનુએ મીરા જેવી ભક્તિ કરી | ડિડ નોટ ફિનિશના શોકથી મેડલ સુધીની સફર | તીરંદાજ બનવા ગઈ હતી, વીડિયો જોઈ વેઈટલિફ્ટિંગ કરવા લાગી

ઓલિમ્પિકમાં ભારતની મીરાબાઈ ચાનુએ વેઈટલિફ્ટિંગમાં મેડલ જીતી દેશવાસીઓને ગર્વ અપાવ્યો હતો ત્યારે અપાયેલી આ હેડલાઈનમાં લોકોની લાગણીને અસરકારક રીતે વ્યક્ત કરવામાં આવી છે.

38



મોદી બેવાર ઝૂક્યા, ત્યારે અડવાણીનાં આશીર્વાદ મળ્યાં

યાદગાર ફોટો. મોદીએ અડવાણીના ચરણસ્પર્શ કર્યા, બે વખત પ્રયત્ન બાદ અડવાણીએ આશીર્વાદ આપ્યા.

39



થોડી પળ તો નિહાળીએ...

ભાવનગરમાં આવેલ કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન વિશ્વનું એકમાત્ર સ્થળ છે જ્યાં ખૂબ વધારે સંખ્યામાં કાળિયાર નિર્ભય વસવાટ કરે છે. હાલમાં રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે તેમની વસ્તી 7554ની છે. કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનની આ તસવીરમાં જોવા મળતી મોટાભાગની માદા કાળિયાર છે, તેમનો રંગ કાળો હોતો નથી. ઉપરાંત નાના નર કાળિયાર પણ છીંકણી રંગનાં જોવા મળે છે. આ તસવીર જોતા ભગવાનની જે તીવ્રતાથી પૃથ્વી પરનાં પ્રાણીઓમાં રંગ આપવાની કરામત કરી છે તે સજીવન થાય છે. અહીં લીલાછમ ઘાસમાં ફરી રહેલા કાળિયાર મન તૃપ્ત કરતી તસવીરનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. (તસવીર : રીતેશ પટેલ)

ભાવનગરના કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનની આ તસવીરમાં જોવા મળતી મોટાભાગની માદા કાળિયાર છે. પહેલીવાર આટલી મોટી સંખ્યામાં કાળિયાર હરણ દર્શાવતી તસવીર પ્રસિદ્ધ થઈ હતી.

40

# વિશ્વની સૌથી વયોવૃદ્ધ મતદાર ગુજરાતમાં ; ઉંમર 126 વરસ



આ છે પુરાવો



ચૂંટણી પંચ પ્રમાણે 2007માં એમની ઉંમર 116 વર્ષ છે. જે આ વોટર કાર્ડમાં દર્શાવેલું છે.

ગૂગલ પ્રમાણે જાપાનના નબી તાજિમા વયોવૃદ્ધ

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પ્રમાણે જાપાનના 117 વર્ષના નબી તાજિમા વિશ્વના સૌથી મોટી ઉંમરના જીવિત વ્યક્તિ છે.

રાજકોટના ઉપલેટામાં રહેતા અજીબેન ચંદ્રવાડિયા દેશ અને દુનિયાના સૌથી વયોવૃદ્ધ મતદાર છે. તેમના મતદાર ઓળખપત્રમાં 1-1-2007ના રોજ તેમની ઉંમર 116 વર્ષ દર્શાવાઈ છે. જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. વિક્રાંત પાંડેએ ઉપલેટા બૂથ લેવલ અધિકારીને અજીબેનના ઘરે મોકલી તેમની ઉંમરની ખરાઈ કરાવી હતી.

ગુજરાતમાં વિશ્વના સૌથી વયોવૃદ્ધ મતદારની આ તસવીર વિધાનસભાની ચૂંટણી દરમિયાન પ્રસિદ્ધ કરાઈ હતી.

41


રહે ન રહે હમ, મહકા કરેંગે...
સ્વરસરિતાનો જન્મ (28 સપ્ટેમ્બર 1929) સરસ્વતીમાં વિલીન (6 ફેબ્રુઆરી 2022)

મેરી આવાજ હી પહચાન હૈ... યાદ રહે

આઠ દસકા સુધી દેશની પાંચ પેઢીમાં સૂરોની મીઠાશ ભેળવનારા લતા મંગેશકર અનંતની યાત્રાએ ચાલ્યા ગયા. સરસ્વતી પૂજાના આગલા દિવસે જ લતાજી મા સરસ્વતીમાં વિલીન થઈ ગયા. સૂરોનો આ હિમાલય પીગળીને નદીઓમાંથી વહીને સાગરમાં ભળી જશે અને વાદળોનું રૂપ લઈને વરસતો રહેશે, અનંતકાળ સુધી. દેશમાં પણ, દુનિયામાં પણ, સૂરની લતા અનંત છે. અનંત જ રહેશે!

'સ્વર-શેષ લતા'

સ્વરસમ્રાજ્ઞીને ગઝલસમ્રાટ ગુલામ અલીની શ્રદ્ધાંજલિ...

દુનિયા રહેશે ત્યાં સુધી દિલોમાં રહેશે આ અવાજ...

છેલ્લા દિવસોમાં તેમના પિતાજીના રેકોર્ડિંગ સાંભળતા હતા

લતા દીદીના સન્માનમાં દિવ્ય ભાસ્કર નતમસ્તક છે...

દિવ્ય ભાસ્કર

સ્વરાંજલિ

સ્વરસામ્રાજ્ઞી અને ભારત રત્ન લતા મંગેશકરનું નિધન સમગ્ર દેશ માટે આઘાતજનક હતું. ભાસ્કરે માસ્ટહેડથી ઉપર લતાજીને સ્થાન આપી અદ્વિતિય શ્રદ્ધાંજલિ આપી હતી.

42


સરદારની ગરિમાને ઝાંખપ લગાડનાર સરકારની બેદરકારીને ખુલ્લી પાડવા આ પ્રયોગ જરૂરી છે

સ્ટેચ્યુ ઓફ યુનિટીને રેઈનકોટ એટલા માટે પહેરાવ્યો, કારણ કે પ્રતિમાની અંદર ઠેર ઠેર વરસાદનું પાણી ટપકે છે

3,000 કરોડના ખર્ચથી કેવડિયામાં બનેલી સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં વરસાદના પાણી ટપકવા લાગ્યાં છે. નર્મદા જિલ્લામાં હજુ માંડ 2 ઇંચ વરસાદ થયો છે ત્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના ઉપરના ભાગે આવેલી વ્યૂઈંગ ગેલેરીમાં અને અન્ય રૂમોમાં પાણી ટપકે છે...

વ્યૂઈંગ ગેલેરીની છતમાંથી પાણી પડી રહ્યું છે

સ્ટેચ્યૂ ઑફ યુનિટિમાં પાણી ટપકતું હોવાની સમાચાર બાદ સરદાર પટેલની પ્રતિમાને રેઈનકોટ પહેરાવવાનો પ્રયોગ ચર્ચાસ્પદ રહ્યો હતો.

43


ભાવનગર પાસે ભીષણ અકસ્માત 31 જાનૈયાઓનાં મોત, 30 ઘવાયા

રેસ લગાવવાની હોડમાં પુલથી 22 ફૂટ નીચે ખાબક્યો ટ્રક, રાજ્યમાં 10 વર્ષ પછી આટલો ભીષણ અકસ્માત

સવારે...
- ભાવનગર-રાજકોટ હાઈવે પર સવારે 7.30 વાગે અકસ્માત
- અનિડા ગામના દરેક ઘરમાં માતમ
- મૃતકોમાં 18 પુરુષ, 9 મહિલાઓ અને 4 બાળકોનો સમાવેશ
- 30 ઘાયલોમાં 10ની હાલત ગંભીર

અશુભ

(સંજય અકસ્માતમાં મૃત્યુ પામનારા ધીરુભાઈનો પુત્ર છે અને 8 બહેનો વચ્ચે એકનો એક ભાઈ છે)

આ કાળોતરી છે... સામાન્ય રીતે શુભ અને અશુભ પ્રસંગે આપણે ત્યાં પત્ર લખવાનો રિવાજ છે. પરંતુ ટેકનોલોજી અને સંદેશા વ્યવહાર વધવાની સાથે હવે આ પ્રથા લુપ્ત થતી જાય છે. અશુભ પ્રસંગ માટે લખાતો પત્ર કાળોતરી તરીકે ઓળખાય છે. ભાસ્કરે અકસ્માતમાં મૃત્યુ પામેલા ધીરુભાઈના માસૂમ પુત્રે કહેલી વાત કાળોતરીના રૂપે અહીં મૂકી છે.

સાંજે...
- 225 લોકોના ગામમાં 22 લોકોની એક સાથે દફનવિધિ કરાઈ
- ઈજાગ્રસ્તો માટે લોહી પણ ખૂટી પડ્યું
- સરકારે મૃતકોના પરિવારને 4-4 લાખની સહાય કરી
- 5 મૃતકોનું ચક્ષુદાન, મૃતકો 8 ગામના

વરરાજા મંડપમાં રાહ જોતા રહ્યા, અડધા જાનૈયા સ્વર્ગે સિધાવી ગયાં

માતા-પિતા સહિત વરરાજાનાં પરિવારના 9નાં મોત, પરંપરાને કારણે લગ્ન અટક્યા નહીં

ઘટનાના અઢી કલાક બાદ રડતાં રડતાં 4 ફેરા લીધા

આવી રીતે બની ઘટના

22 ફૂટની ઊંચાઈએથી આરસીસી ફ્લોરિંગ પર ટ્રક પટકાતાં વધુ મોત

પ્રત્યક્ષદર્શીની જુબાની

ડ્રાઈવર રેસ લગાવી રહ્યો હતો

ભાવનગર નજીકના ભીષણ અકસ્માતના સમાચાર આપવા મૃત્યુ પછી લખાતી કાળોતરી (મેલો)નો પ્રયોગ.

44


દિવ્ય ભાસ્કર એનિવર્સરી સ્પેશિયલ

પરિવાર

કોઠાસૂઝ

ઉત્સવ

સ્વાદ

ધર્મ

આનંદો..! દિવ્ય ભાસ્કરનાં 16 વર્ષ પૂર્ણ...

16 સંસ્કારની ગુજરાતી ખુશ્બૂ

આ સોળ સંસ્કારોથી સર્જાય છે ગુજરાતીઓનું ગુજરાતીપણું...

ઉદારતા

નીડરતા

વાકપટુતા

દિવ્ય ભાસ્કરની એનિવર્સરી નિમિત્તે પરિવારને સમર્પિત અંકમાં પરિવારને અતૂટ રાખતા 16 સંસ્કારો પર આધારિત ખાસ પેજને વાચકોએ વખાણ્યું હતું.

45




આઝાદી જેમને આભારી છે એવા લડવૈયાઓના હસ્તાક્ષરને પ્રથમ પેજ પર સ્થાન.

46




શિક્ષક દિવસ નિમિત્તે ભાસ્કરના માસ્ટહેડમાં જીવનમાં ગુરુના મહત્ત્વને સ્થાન.

47




સ્વતંત્રતા દિવસે અમદાવાદીએ દોરેલા ભારત માતાના સૌ પ્રથમ ચિત્રને માસ્ટહેડમાં સ્થાન.

48




સરકારના ચૂંટણીલક્ષી બજેટના કવરેજમાં ક્રિએટીવ હેડલાઈનનો પ્રયોગ.

49




ખરાબ રસ્તા માટે જનતા સરકારને મેમો આપે છે, ભાસ્કરના ફ્રન્ટ પેજ પર અનોખો પ્રયોગ.

50




સરકારે કહ્યું 25 લાખ નોકરી મળશે, ભાસ્કરે તત્કાલિન નાણામંત્રીની સહી સાથે હેડલાઈન આપી.

51




મહાવીર સ્વામી જન્મ કલ્યાણક પર્વ નિમિત્તે અખબારમાં હિંસાના કોઈપણ સમાચારને સ્થાન નહીં આપવાનો પ્રયોગ. સાથે જ આ અંકને 'અહિંસા અંક' નામ અપાયું હતું.

52




બેન્કના ચેસ્ટ રૂમમાં 100, 200, 500 અને 2 હજારની નવીનક્કોર નોટોની થપ્પીઓની જાણે મસમોટી દીવાલ બનાવાઈ હોય. ભાસ્કરે પહેલીવાર વાચકોને આ દૃશ્ય દર્શાવ્યું હતું.

53




ગણેશચતુર્થી અને ક્ષમાવાણી પર્વ નિમિત્તે 'આજે ક્ષમાથી શ્રીગણેશ' હેડલાઈનનો પ્રયોગ.

54




શિક્ષક દિવસ નિમિત્તેના વિશેષ અંકમાં માસ્ટહેડમાં દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ સર્વપલ્લી રાધાકૃષ્ણનને અંજલિ.

55




સૂર્યગ્રહણના કવરેજમાં સૂર્યને ઢાંકી દેનાર ચંદ્રને માસ્ટહેડમાં સ્થાન. સાથે જ સૂર્યગ્રહણને લગતી રસપ્રદ ફેક્ટ્સ અને 'ગ્રહણથી સૂર્યનો ચંદ્રોદય' હેડલાઈન.

56




ગણેશચતુર્થીના શુભારંભ નિમિત્તે વિશેષ માસ્ટહેડ. સાથે જ ગણેશચતુર્થીના 10 દિવસ દરમિયાન રોજ શુભ સમાચારોથી શરૂઆત કરવાનો નવતર પ્રયોગ.

57




72મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે વિશેષ માસ્ટહેડમાં તિરંગાને સ્થાન.

58




કોરોનાએ જીવનના રંગોને ધૂંધળા કર્યા ત્યારે હોળી નિમિત્તે રંગો પર આધારિત ખાસ માસ્ટહેડ.

59



દિવ્ય ભાસ્કરના સ્ટિંગ ઓપરેશનમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

## ઝોમેટો-સ્વિગીની આડમાં દારૂની 'હોમ ડિલિવરી'; હૉસ્પિટલ, ઘર, મામલતદાર કચેરી કે પોલીસ સ્ટેશન માગો ત્યાં દારૂ મળે છે

દક્ષિણ ગુજરાતમાં સુરત, બારડોલી સહિતનાં શહેરોમાં ઝોમેટો-સ્વિગીની આડમાં ફૂડ ડિલિવરીમેનો દારૂની ડિલિવરી કરી રહ્યા હોવાનો ઘટસ્ફોટ દિવ્ય ભાસ્કરના સ્ટિંગ ઓપરેશનમાં થયો છે. દિવ્ય ભાસ્કરની ટીમે આ જાણકારી મળ્યા પછી ચકાસણી માટે સતત એક મહિના સુધી વિવિધ સ્થળે સ્ટિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. જ્યાં દારૂબંધી નથી એવા રાજ્યોમાં પણ ન હોય એવી સર્વિસ જ્યાં દાયકાઓથી દારૂબંધી છે એવા ગુજરાતમાં આપવામાં આવી રહી છે.

ભાસ્કરના સ્ટિંગ ઓપરેશનમાં જુદા જુદા દિવસે અને સમયે છ અલગ અલગ જગ્યાએ ઝોમેટો-સ્વિગીના ડિલિવરીમેનને દારૂનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. તેમણે ઘર, ઓફિસ, રો-હાઉસ, મામલતદાર કાર્યાલય અને હૉસ્પિટલમાં દારૂ-બીયરની ડિલિવરી કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે ડિલિવરીમેનોએ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં પણ બિન્ધાસ્તપણે દારૂની ડિલિવરી કરી હતી. ડિલિવરી કરનારે દાવો કર્યો હતો કે સુરત કે બારડોલી સહિતની જગ્યાએ માગો ત્યારે ડિલિવરી કરી દેવાય છે. ઝોમેટો-સ્વિગીનો ડ્રેસ અને બેગ હોવાથી પોલીસ શંકા કરતી નથી. જેનો લાભ લઈને દારૂની હેરાફેરી કરાય છે.

સ્ટિંગમાં ભાસ્કરની ટીમે પહેલા ફૂડનો ઓર્ડર આપ્યો હતો. જ્યારે ડિલિવરી મેન આવ્યો ત્યારે તેને દારૂની ડિલિવરી થશે કે કેમ એ અંગે પૃચ્છા કરી હતી... જવાબમાં ડિલિવરીમેને બારડોલીની મામલતદાર કચેરીમાં દારૂની ડિલિવરી કરી હતી. અન્ય દિવસે બીજા એક ડિલિવરીમેને પોલીસ સ્ટેશનમાં પોતાની બેગમાંથી દારૂની બોટલ કાઢીને આપી હતી.

અંદર વાંચો વિસ્તૃત રિપોર્ટ

ઝોમેટો-સ્વિગીના ડિલિવરીમેન દ્વારા વાનગીઓની આડમાં દારૂની હોમ ડિલિવરીનો પર્દાફાશ કરતું કવરેજ, પોલીસ સ્ટેશનની નજીક જ આ ગોરખધંધા ચાલતા હતા.

60



ઓલિમ્પિક્સની જરૂરિયાતોના સરવે માટે ઔડાએ ટેન્ડર બહાર પાડી તૈયારી શરૂ કરી

## 2036 ઓલિમ્પિક્સની દાવેદારી માટે અમદાવાદની તૈયારી શરૂ

- સ્ટેડિયમ, ગેમ્સ વિલેજ, હોટેલ માટેની જરૂરિયાતો અંગે 3 માસમાં રિપોર્ટ
- ઓલિમ્પિક્સ યોજવાનો ખર્ચ 50 હજાર કરોડથી વધુ થવાનો અંદાજ

ભારતના પ્રયાસો 2032 માટે હતા પણ બ્રિસ્બેનની દાવેદારી પ્રબળ બનતા હવે 2036 માટે પ્રયાસ થશે

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ભૂમિપૂજન વખતે અમિત શાહે સંકેત આપ્યો હતો, હવે સરકારે તૈયારીઓ શરૂ કરી

અમદાવાદ ઓલિમ્પિક્સ યોજવા માટે સક્ષમ એવું અમિત શાહે જણાવ્યું હતું

'ઓલિમ્પિક્સ માટે જરૂરી સજ્જતા અંગે રિપોર્ટ તૈયાર થઈ રહ્યો છે'

આટલું કરવું પડશે | આ ફાયદો થશે

2036ના ઓલિમ્પિક રમતોત્સવ માટે અમદાવાદ દાવેદારી નોંધાવશે. સૌથી પહેલા ભાસ્કરે આ ન્યૂઝ બ્રેક કર્યા હતા.

61



આવતીકાલથી ગુજરાત વાઈબ્રન્ટ | અત્યાર સુધી 17 લાખને રોજગારીનો દાવો

## 16 વર્ષમાં 85 લાખ કરોડના રોકાણની વાતો, સરકારી ચોપડે 11 લાખ કરોડ

દિવ્ય ભાસ્કર એનાલિસિસ

ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટના દાવાઓની સ્થિતિ હાથી જેવી છે. સૌ પોતાની રીતે અર્થ કાઢે છે, સાચો અર્થ સરકાર જાણે!



આ વખતે કુલ રોકાણ જાહેર થશે કે નહીં, સસ્પેન્સ

ત્રણ દિવસ મોદી ગુજરાતમાં

પ્રજ્ઞાચક્ષુઓ હાથીનું વર્ણન કરે તો ક્યારે આખો હાથી વર્ણવી ન શકે. વાઈબ્રન્ટ સમિટની ઉપલબ્ધીઓના દાવામાં પણ કંઈક એવુ જ થયું હતું, એ દર્શાવતી હેડલાઈન

62



કેવી રીતે વેચાયા હૉસ્પિટલમાંથી 20 બાળક?

## ગામેગામ ફરી શોધતા હતા ગર્ભવતી મહિલાઓને, ચાની લારીઓ પર થઇ જતા હતા બાળકોના સોદા

નવજાત બાળકોની સોદેબાજીનો પર્દાફાશ કરતું ભાસ્કરનું બેધડક કવરેજ.

63



જાતિ પરીક્ષણના રેકેટનું સૌથી મોટું સ્ટિંગ

ગર્ભમાં દીકરીઓને ખતમ કરવાનો ધીકતો ધંધો, ડોક્ટરો-એજન્ટોની રાજ્યભરમાં સાંઠગાંઠ

## દીકરીઓને ગર્ભમાં મારવાના કામમાં મહિલા ડોક્ટરો પણ સામેલ, આ માટે રાખે છે એજન્ટો

લક્ષ્મીની લાલચમાં ગર્ભમાં જ લક્ષ્મીનું કાસળ કાઢવાનું કુચક્ર



જાતિ પરીક્ષણ સામે સૌથી મોટું સ્ટિંગ ઓપરેશન. ડૉક્ટરો, એજન્ટોની સાંઠગાંઠનો પર્દાફાશ.

64



દિલ્હીની સંસ્થા ચલાવે છે એવોર્ડ વેચવાનો ગોરખધંધો, પૈસા આપો, ઈચ્છો તે એવોર્ડ લો

## નર્મદ યુનિવર્સિટીના કુલપતિએ ₹7500માં ખાનગી સંસ્થા પાસેથી બેસ્ટ પ્રિન્સિપાલનો એવોર્ડ ખરીદ્યો

વધુ એક સ્ટિંગ, યુનિ.ના કુલપતિએ એવોર્ડ ખરીદ્યો હતો!

## 65


આ તસવીર ન સમાજ બદલી શકે કે ન સરકાર માત્ર માતા-પિતા જ તે બદલી શકે એમ છે

રાજ્યના વિવિધ આઇ સ્પેશિયાલિસ્ટ, રિસર્ચ રિપોર્ટનું શૉકિંગ તારણ

**મોબાઈલની લતના લીધે 10% બાળકોની આંખો ત્રાંસી તો 18%નું વિઝન નબળું પડ્યું**

બાળકોને ફોનથી દૂર ભલે ન રાખી શકાય, સમય તો ઘટાડી જ શકાય

સૌથી ચર્ચાસ્પદ સ્ટોરી : મોબાઈલની સ્ક્રીન સામે ચોંટી રહેવાને કારણે બાળકોની આંખો ત્રાંસી થઈ રહી છે. વિવિધ નિષ્ણાંતો અને રિપોર્ટ્સના સંકલનના આધારે આ સ્ટોરી તૈયાર કરવામાં આવી હતી.

## 66


દિવ્ય ભાસ્કર મધુરિમા

મોબાઈલ ફોનના વળગણથી બાળકોના આરોગ્ય પર ગંભીર અસર... વાંચો આ ચોંકાવનારો રિપોર્ટ

**મોબાઈલ ફોને ઝૂકાવી દીધા બાળકોના ખભા**

મોબાઈલની લતને કારણે બાળકોના ખભા પર અસર. ભાસ્કર ઇન્વેસ્ટિગેશન

## 68


**રાજકોટ કલેક્ટરની સહીવાળા 50-50 હજારના ચેકથી 8 પત્રકારોને લાંચ**

રાજકોટ કલેક્ટરે પત્રકારોને અપાયેલી લાંચનો પર્દાફાશ.

## 67


ભાસ્કર એક્સક્લુઝિવ

પહેલીવાર જુઓ કોરોનાથી ફેફસાંને થતા નુકસાનનો તસવીરી પુરાવો

**25 વર્ષ સિગારેટ પીવા કરતા પણ વધુ ખતરનાક 1 મહિનાનો કોરોના**

કોરોનાથી સંક્રમિત થયેલા અમદાવાદના દર્દીઓના ફેફસાંનો સીટી સ્કેન અને એક્સ રે રિપોર્ટ

કોરોનાકાળમાં આ સ્ટોરી ચર્ચાસ્પદ રહી હતી. 1 મહિનાની કોરોનાની અસરને કારણે ફેફસાને થતું નુકસાન 25 વર્ષ સુધી સિગારેટની લત જેટલું ઘાતક હોય છે, એ વાતની તસવીરી રજૂઆત.

## 69


ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની ચોંકાવનારી ચૂક, આ માહિતી વિધાનસભા રેકોર્ડમાં પણ સામેલ

**માનવ અધિકાર પંચનું ભોપાળું: 10 વર્ષમાં 10 જીવિત મહિલાને સતી દર્શાવી દીધી**

જીવિત મહિલાને સતી દર્શાવી દેવાઈ. ભાસ્કરનો ચોંકાવનારો પર્દાફાશ.

## 70


શાળાકીય પરીક્ષામાં ધો.9 અને ધો.12ના પ્રશ્નપત્રમાં પેપર સેટર્સનો છબરડો : વિવાદાસ્પદ પ્રશ્ન પૂછ્યા

**ગાંધીજીએ આપઘાત કરવા માટે શું કર્યું ?**

રાજ્યમાં દારૂબંધી અને દારૂના વેચાણની જિલ્લા પોલીસવડાને જાણ કરતો પત્ર પૂછાયો

આ પ્રકારના પ્રશ્નો પૂછવા તે યોગ્ય નથી : શિક્ષણમંત્રી ચુડાસમા

આ મામલે તપાસ કરાવવામાં આવશે : શિક્ષણ અધિકારી

1 ધો. 9 ના પ્રશ્નપત્રમાં ગાંધીજીએ આપઘાત કરવા માટે શું કર્યું તેવો પ્રશ્ન પૂછ્યો હતો

2 રાજ્યમાં દારૂબંધી હોવા છતાં દારૂબંધીના લીરેલીરા ઉડાવતો પ્રશ્ન પૂછીને વિવાદનો મધપૂડો છંછેડ્યો

ધો.9 અને 12ના પ્રશ્નપત્રમાં ગંભીર ભૂલો તથા વિવાદાસ્પદ પ્રશ્નો પૂછાયા હતા. આ અંગે શિક્ષણમંત્રી સાથે વાત કરીને કરવામાં આવેલું વિસ્તૃત કવરેજ.

76


IPSમાંથી ડીજી વણઝારાનું રાજીનામું | એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ અધિકારીએ પોતાના જ 'ભગવાન' પર નિશાન સાધ્યું

## મોદી સરકારે જેલમાં જવું જોઇએ : વણઝારા

મુખ્યમંત્રી દિલ્હીની ઉતાવળમાં ભૂલી ન જાય કે કેદ અધિકારીઓને લીધે જ તે બહાદુર મુખ્યમંત્રી ગણાય છે.

મોદી સરકાર બોલવામાં બહાદુર, બાકી નપુંસક છે. ન્યાયના રસ્તા બંધ થાય ત્યારે તલવાર ઉઠાવવી એ જ ધર્મ છે.

- મોદી ભગવાન સમાન પણ ભગવાન મારો રહ્યો નથી
- રાષ્ટ્રવાદી અધિકારીઓનું મનોબળ હવે તૂટ્યું છે
- એન્કાઉન્ટર નકલી, તો નીતિ ઘડનાર પણ જેલમાં જાય
- અમિત શાહના દબાણમાં અધિકારીનો ભોગ લેવાયો

વણઝારાના આરોપ... લાલ દાઢીનો સફેદ અને કાળી દાઢી પરનો હુમલો કેટલો ભારે પડશે

એક સમયે મોદીના ખાસ ગણાતા એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ ડીજી વણઝારાએ IPS તરીકે રાજીનામું આપ્યા બાદ મોદી વિરુદ્ધ ગંભીર નિવેદનો અને આક્ષેપો કર્યા હતા. ભાસ્કરનું વિસ્તૃત કવરેજ.

77


## સંસદની ગરિમાનું 'ચીરહરણ' કરતા સાંસદો

દેશની આંખોમાં મરચું

સંસદમાં હિંસક હોબાળો અને ભાસ્કરની ચોટદાર હેડલાઈન.

78


## રોકાણના આંકડા, વિકાસના વાયદા નહીં જોઇએ, નક્કર બતાવો- શું કરશો, કેવી રીતે કરશો, ક્યારે કરશો?

વાઈબ્રન્ટ સમિટના પ્રારંભ નિમિત્તે ન્યૂઝ-નૉલેજ આધારિત કવરેજ.

79


રાજકોટ જિલ્લાના સરપદડ ગામમાં વર્ષો જૂની પરંપરાના નામે ચાલતો બાળકોની વચ્ચે છૂતઅછૂતનો ભેદભાવ

## દલિત બાળકોની અલગ આંગણવાડી!

ભાસ્કર EXPOSE

દલિત બાળકો પ્રત્યેના ભેદભાવનો પર્દાફાશ કરતું કવરેજ.

80


divyabhaskar.com | અમદાવાદ, શુક્રવાર, 14 મે, 2021 | વૈશાખ સુદ - 3, વિક્રમ સંવત 2077

મૃત્યુના સાચા આંકડા છુપાવનાર ગુજરાત સરકારને તેના જ વિભાગોએ ખુલ્લી પાડી દીધી

મોતનું પ્રમાણ!

## 71 દિવસમાં 1.23 લાખ ડેથ સર્ટિફિકેટ ઈસ્યુ થયાં, જોકે સરકારે કોરોનાથી માત્ર 4,218 મોત નોંધ્યાં

2020માં 1 માર્ચથી 10 મે દરમિયાન 58 હજાર ડેથ સર્ટિફિકેટ ઇસ્યુ થયા, આ વર્ષે બમણાં

જેટલા મૃત્યુ 2020ના ત્રણ મહિનામાં થયા, એટલા માત્ર આ વર્ષે એપ્રિલમાં નોંધાયા

| માર્ચ 2021 | માર્ચ 2020 | એપ્રિલ 2021 | એપ્રિલ 2020 | મે 2021 | મે 2020 |
|---|---|---|---|---|---|
| 26026 | 23352 | 57796 | 21591 | 40051 | 13125 |

કોરોનાકાળમાં મોતના આંકડા છુપાવવાની રાજરમતને ખુલ્લી પાડતો અહેવાલ. દિવ્ય ભાસ્કરના આ અહેવાલની નોંધ માત્ર રાષ્ટ્રીય જ નહીં પણ આંતરરાષ્ટ્રીય માધ્યમોએ પણ લીધી હતી.

81


જાતિ પરીક્ષણ પર દિવ્ય ભાસ્કરનું પ્રિન્ટ મીડિયામાં અત્યાર સુધીનું સૌથી મોટું સ્ટિંગ ઓપરેશન

આ ડૉક્ટરો છે કે ભ્રૂણની હત્યારા?

## રૂપિયા 25 હજારમાં જાતિ પરીક્ષણ, માત્ર 2 હજારમાં દીકરીઓની હત્યા

જાતિ પરીક્ષણ કરતા ડૉક્ટરોને ઉઘાડા પાડતો ખાસ અહેવાલ.

82


સી-પ્લેન અમદાવાદ આવી પહોંચ્યું, 31 ઓક્ટોબરે વડાપ્રધાનના હસ્તે સેવાનો પ્રારંભ થશે

## અમદાવાદ-કેવડિયાનું સી-પ્લેન 50 વર્ષ જૂનું!

ભાસ્કર એક્સક્લુઝિવ

બહુચર્ચિત સી-પ્લેન 50 વર્ષ જૂનું હોવાનો ઘટસ્ફોટ કરતી ભાસ્કર એક્સક્લુઝિવ સ્ટોરી.

83


વેક્સિનેશન માટે તમામ જિલ્લાને આપેલી 0.5 મિલિની સિરિન્જ મેઈડ ઈન ચાઈના નીકળી

## ચીન પર નિર્ભરતા : લોકોને કોરોનાની વેક્સિન આપવા માટે ચાઇનાની કંપનીની સિરિન્જ મંગાવાઇ

આરોગ્ય વિભાગના ખાસ ઓર્ડર પછી સિરિન્જ તૈયાર થઈ લેબલ પર 'ગવર્નમેન્ટ સપ્લાય'નો લોગો

આ છે પુરાવા

કોરોના રસીકરણ કાર્યક્રમમાં ચીન પરની નિર્ભરતા દર્શાવતી ભાસ્કર બ્રેકિંગ સ્ટોરી.

**84**

પૂછપરછ પછી ઇનોવા ગાડીમાં મોઢું ઢાંકીને લઇ ગયા

## અંતે આસારામની ઈન્દોરમાંથી ધરપકડ

પોલીસ ઈન્દોર આશ્રમ પર પહોંચી ત્યારે આસારામ 'અમૃત વચન' સંભળાવી રહ્યા હતા

આસારામના સમર્થકોનો જોધપુરમાં મીડિયા કર્મચારીઓ પર હુમલો, ચાર ઘવાયા, 13ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ નેટવર્ક. ઇન્દોર/જોધપુર

...પુર પોલીસે શનિવારે રાત્રે ...બાર વાગે દુષ્કર્મના આરોપી ...રામની ધરપકડ કરી છે. ...રામને જોધપુર લઇ જવામાં ... આસારામને સડક માર્ગે ...શે અથવા રવિવારે સવારે ...થી લઇ જવાશે, તેના વિશે ...કોઇ ખુલાસો આપ્યો નથી. 9 વાગે આશ્રમમાં ...નો સત્સંગ ચાલુ હોવાથી ... કરવા માટે પોલીસને જોવી પડી હતી. આસારામના પુત્ર નારાયણ સાંઇ, તેમના વકીલ સહિત બધા લોકો કહી રહ્યા હતા કે, જે કંઇ થશે, સવારે થશે. નારાયણ સાંઇએ રાત્રે 9 વાગ્યાના સુમારે મીડિયાને કહ્યું હતું કે, આસારામ સંભળાવી રહ્યા છે. દસ વાગે તેઓ ઉંઘી જાય છે. અમે પોલીસને પૂછપરછ કરવા માટે સવારે આવવાનું કહ્યું છે.

તેમના વકીલે પણ કહ્યું કે, જે કંઇ થશે, સવારે થશે પરંતુ જોધપુર પોલીસે રાત્રે 11 વાગ્યા પછી આસારામની પૂછપરછ કરી હતી. જો કે, આસારામે ન હતો. ત્યાર પછી અડધી રાત પછી આસારામની ધરપકડ કરીને પોલીસ તેમને મોઢું ઢાંકીને ઇનોવા ગાડીમાં બેસાડીને લઇ ગઇ છે. એ પહેલા આસારામના સમર્થકોએ ભારે હંગામો પણ કર્યો હતો. જોધપુર પોલીસે આસારામને 30 ઓગસ્ટ સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યું હતું. પરંતુ આસારામ ના પહોંચ્યા. શનિવારે સવારે ફેક્સ કરી દીધો કે તેઓ બીમાર છે. સાથે જ ભોપાલ મેડિકલ કોલેજના તબીબોનો પત્ર પણ હતો કે આસારામ મુસાફરી કરવા કે પૂછપરછ



દુષ્કર્મના આરોપી આસારામની ધરપકડનું કવરેજ. પોલીસ પહોંચી ત્યારે આસારામ શું કરતા હતા અને ધરપકડ દરમિયાન કેવા દૃશ્યો સર્જાયા તેનું વિગતવાર વર્ણન કરતું કવરેજ.

**85**

ગુજરાતની બ્યુરોક્રેસીમાં મોટા ફેરફારોની યાદી તૈયાર; વિધાનસભા સત્ર બાદ કોઈ પણ ઘડીએ આદેશ

## 15 દિવસમાં 55થી 60 IASની બદલી થશે!

ભાસ્કર Breaking

15 સચિવ કક્ષાના, 20 એમડી-ડાયરેક્ટર, 18 કલેક્ટર બદલાશે



આ મેજર સર્જરી કેમ? લોકસભા ચૂંટણી સુધી ફાસ્ટ ટ્રેક મોડમાં કામ કરવા માંગે છે પટેલ સરકાર

આ 7 અધિકારીઓ પાસે છે એકથી વધારે વિભાગ

3 વર્ષથી વધારે સમયથી એક જ વિભાગમાં છે આ અધિકારીઓ

રાજ્યના 60 ટોચના આઈએએસ અધિકારીની 15 દિવસમાં બદલી થશે એવી આગાહી કરતો અહેવાલ. બાદમાં ભાસ્કરે જે નામ આપ્યા હતા એ અધિકારીઓની બદલી થઈ હતી.

**86**

ઇશરત કેસમાં પૂરક ચાર્જશીટ રજૂ : આઈબી અધિકારીઓને આરોપી બનાવ્યાની પ્રથમ ઘટના

## IBના રાજેન્દ્રકુમાર પર હત્યાનો આરોપ

ચાર્જશીટમાં CBIએ ક્યાં ક્યાં ચીંધ્યું?

સફેદ અને કાળી દાઢીને ચૂંટણી સુધી જીવતદાન



ઈશરત કેસની પૂરક ચાર્જશીટમાં આઈબીના અધિકારી રાજેન્દ્રકુમાર પર હત્યાના આરોપ સહિતના ઘટસ્ફોટનું વિગતવાર કવરેજ.

**87**

ભાસ્કર Original ઈન્વેસ્ટિગેશન | અમદાવાદમાં કૂતરાની સમસ્યા પાછળ વર્ષે 4-5 કરોડનો ખર્ચ છતાં ડોગ બાઇટમાં 270%નો વધારો

## ગુજરાતમાં 'કૂતરા કૌભાંડ' : 500 પાંજરા છતાં બમણી કિંમતે 600 વધુ ખરીદાયા, ખસીકરણમાંથી કમાણી માટે બહારથી કૂતરા પકડી લવાયા

- AMCને રખડતા કૂતરા પકડવા કરતા પાંજરાની ખરીદી-રીપેરીંગમાં વધારે રસ
- ખસીકરણની કામગીરીમાં અધિકારી દીઠ કમિશન, માનીતી સંસ્થાને કોન્ટ્રાક્ટ
- જેની પાસેથી 10 હજારમાં પાંજરા ખરીદ્યા તે કંપનીને 3 હજારના ભાવે રીપેરીંગનું કામ
- મોટાભાગની મનપામાં એનિમલ બર્થ કન્ટ્રોલની કામગીરી માત્ર કાગળ પરે

રાજ્યના 7 શહેરોની સ્થિતિ | સુરતમાં બ્લેકલિસ્ટેડ સંસ્થાને કામ સોંપાયું, જૂનાગઢમાં તો કામ જ શરૂ થઈ શક્યું નથી



રખડતા કૂતરાની સમસ્યાથી લોકો પરેશાન છે ત્યારે આ દૂષણ ડામવા માટેની કામગીરીમાં પણ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. ભાસ્કર ઈન્વેસ્ટિગેશનમાં ચોંકાવનારા ઘટસ્ફોટો.

**88**

## સ્વામિનારાયણ મંદિરમાં નકલી નોટો છાપી, પ્રસાદના બોક્સમાં ડિલિવરી

ખેડાના અંબાવના મંદિરમાં સાધુ રાધારમણ સ્વામીના રૂમમાં જ નકલી નોટો છપાતી હતી

રૂ.1.26 કરોડની 2000ના દરની 6013 બનાવટી નોટો જપ્ત કરાઈ

નોટો છાપવાનું મંદિર



2005માં અમરનાથ હુમલામાં દેવસ્વામીનું મોત થતાં મંદિર પર કબજો જમાવ્યો

પાંચ ઝડપાયા

50 ટકામાં નકલી નોટ આપતાં હતા

વડતાલ મંદિર સાથે કોઈ કનેક્શન નથી

નોટો છાપવાનું મંદિરઃ સ્વામિનારાયણ મંદિરમાં જ નકલી નોટો છાપવાના ગોરખધંધાનું ભાસ્કરનું વિસ્તૃત કવરેજ.

89



26/11

આક્રોશ

બેવકૂફી

મુંબઈ પરના આતંકવાદી હુમલાની ઘટનાને 1 વર્ષ પૂર્ણ થયું એ નિમિત્તે અનુત્તર રહેલા સવાલો પર આધારિત વિશેષ કવરેજ.

90



કૌભાંડનો પત્ર..!

દિવ્ય ભાસ્કરને જમીન કૌભાંડને લઇને લખાયેલો એક પત્ર હાથ લાગ્યો, પત્ર લાંગાએ જ તૈયાર કર્યો હોવાની પૂરી શક્યતા

10 હજાર કરોડનું જમીન કૌભાંડ; પાંજરાપોળની જમીનનો નિર્ણય રૂપાણીનો હતો અને પ્રક્રિયા પૂરી કરવામાં મંત્રી-અધિકારીઓ સામેલ

ભાસ્કર ઇન્વેસ્ટિગેશન

પાંજરાપોળની જમીનના બહુચર્ચિત કૌભાંડમાં નિર્ણય રૂપાણી સરકારે જ કર્યો હતો, ભાસ્કર ઇન્વેસ્ટિગેશન.

91



ડીબી ગોલ્ડ

કેનેડાનો નાગરિક સુરતમાં ખેડૂત!

કામરેજમાં ખેડૂત બની કરોડોની જમીન મેળવનાર કેનેડિયનનો પર્દાફાશ કરતો અહેવાલ

92



દિવ્ય ભાસ્કર

ભાજપના 41 ઉમેદવારે એકજ સરખો ચૂંટણીખર્ચ બતાવ્યો

ચા-પાણી, મંડપ, ડીજે બિલ પણ એક જ જગ્યાના દર્શાવ્યાં

ચૂંટણી ખર્ચ દર્શાવવાની કામગીરીમાં ઉમેદવારો કેવી રીતે ગેરરીતિઓ આચરે છે એનો ઘટસ્ફોટ કરતું ભાસ્કર ઇન્વેસ્ટિગેશન.

93



જૂનાગઢ કેસ પછી વધુ એક ઘટસ્ફોટ

વડોદરામાં HIV ચેપી લોહી ચઢાવવાનું કૌભાંડ

ફૂડ એન્ડ ડ્રગ્સ તથા CDSOના સંયુક્ત તપાસ અહેવાલમાં ખુલાસો, 3 દર્દીને HIV, 7ને હિપે.-સી અને 5ને હિપેટાઇટિસ-બી ચેપી લોહી ચઢાવી દીધું, અધિકારીઓએ માત્ર નોટિસ જ આપી

